## Official Spokesperson's response to media queries on China-Pakistan Joint Statement

## ચીન-પાકિસ્તાન સયુક્ત સ્ટેટમેન્ટ પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

03 નવેમ્બર, 2022

ચીન-પાકિસ્તાન સંયુક્ત સ્ટેટમેન્ટ પર મિડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્ત શ્રી અરિન્દમ બાગચીએ કહ્યું હતું કે:

"અમે નોંધ લીધી છે કે પાકિસ્તાનનાં વડાપ્રધાનની ચીનની તાજેતરની મુલાકાત બાદ જાહેર કરવામાં આવેલ "સંયુક્ત સ્ટેટમેન્ટ" ભારતનાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મિરનાં કેટલાક અનિચ્છનિય સંદર્ભો ધરાવે છે. તે તથાકથિત ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) અંતર્ગત પરિયોજનાઓ અને તૃતિય દેશોમાં તેનાં વિસ્તરણને પણ જણાવે છે.

અમે સતત આવા સ્ટેટમેન્ટ્સ નકાર્યા છે અને આવી બાબતો પર અમારી સ્પષ્ટ સ્થિતિથી સંબંધિત તમામ પક્ષકારો સુપેરે વાકેફ છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મિર અને કેન્દ્રશાસિત પ્રદેશ લદાખ ભારતનો અખંડ અને દૂર ન કરી શકાતા ભાગો છે અને હંમેશા રહેશે. તેનાં પર ટિપ્પણી કરવાનો અન્ય કોઈપણ દેશને અધિકાર નથી.

તથાકથિત ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરનાં સંબંધમાં, અમે સાતત્યતાપૂર્વક ચીન અને પાકિસ્તાનને અમારો વિરોધ અને ચિંતાઓ જણાવ્યા છે. બળપૂર્વકનાં અને ગેરકાયદેસર બાહ્ય કબ્જા હેઠળ ભારતનાં સ્વાયત્ત પ્રદેશ પર CPEC પરિયોજનાઓને સામેલ કરે છે. આ ક્ષેત્રમાં શાસનાધિકાર બદલવા માટે આવી પરિયોજનાઓનો ઉપયોગ કરવાનાં કોઈપણ પ્રયાસોને અને દૃઢતાપૂર્વક નકારીએ છીએ. આવી પ્રવૃત્તિઓમાં તૃત્તિય પક્ષકારોને સામેલ કરવાનો કોઈપણ પ્રયાસવારસાગત રીત ગેરકાનૂની, ગેરકાયદેસર અને અસ્વિકાર્ય છે અને અમારા દ્વારા અનુરૂપ રીતે વર્તન કરવામાં આવશે."

**નવી દિલ્હી**
**03 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.